સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી / એએચ / ૨૦૨૫-૨૬ 	તા. ૦૪/૦૮/૨૦૨૫

# પરિપત્ર નંબર - ૨૯

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે  હાલમાં સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા તેમજ અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓમાં વલો (EPHEMERAL FEVER) ખુબજ પ્રમાણમાં જોવા મળે છે. સાથે સાથે ચોમાસાના ભેજ વાળા વાતાવરણમાં અન્ય વાઇરસથી થતા રોગો પણ ખુબજ પ્રમાણમાં જોવા મળે છે. વાઈરસથી થતા રોગોમાં શરૂઆતના સમયમાં પશુઓને સખત તાવ આવે છે, જેના અટકાવના ભાગ રૂપે સંઘ દ્વારા GCMMF VET MEDICINE RAL માં ઉપલબ્ધ **મેલોક્સીકેમ + પેરાસીટામોલ ગોળી** (**MELOXICAM + PARACETAMOL+SERRATIO PEPTIDASE BOLUS**) ખરીદ કરી સંઘના સોસાયટી સ્ટોર મારફતે **નહિ નફો નહિ નુકસાનના ધોરણે** જીલ્લાની દૂધ મંડળીઓને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

હાલમાં GCMMF RAL માંની છ કંપનીઓની **મેલોક્સીકેમ+પેરાસીટામોલ ગોળી (MELOXICAM+PARACETAMOL +SERRATIO PEPTIDASE BOLUS)** નીચે જણાવ્યા મુજબના ભાવે **તારીખ ૧૦.૦૮.૨૦૨૫** થી સંઘની દૂધ મંડળીઓને વેચાણથી આપવામાં આવશે. દૂધ મંડળીઓએ સાબર ઈ સેવામાં લગત સોસાયટી સ્ટોરમાં ઓર્ડર મૂકી મંગાવી શકાશે.

| અ.નં. | વિગત | ગોળી દીઠ ભાવ રૂપિયા | GST | મંડળી/સભાસદ વેચાણ ભાવ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | કે.એ.પી.એલ મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૪.૩૬ | ૦.૫૨ | **૪.૮૮** |
| ૨ | યુનિમ મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૪.૩૬ | ૦.૫૨ | **૪.૮૮** |
| ૩ | બોવિયન મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૪.૩૬ | ૦.૫૨ | **૪.૮૮** |
| ૪ | ઝેનેક્ષ મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૮.૦૦ | ૦.૯૬ | **૮.૯૬** |
| ૫ | હેસ્ટર મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૬.૪૩ | ૦.૭૭ | **૭.૨૦** |
| ૬ | વેટ ઇન્ડિયા મેલોક્સીકેમ+પેરાસીટામોલ બોલસ | ૮.૦૬ | ૦.૯૭ | **૯.03** |

**નોંધ : સદર કંપનીની ગોળી ૪ ગોળીના પેકિંગ સાઈઝમાં ઉપલબ્ધ હોવાથી ઓર્ડર ૪ ગોળીના ગુણાંકમાં આપવો.**

**મેલોક્સીકેમ + પેરાસીટામોલ + સેરેશીયોપેપ્ટીડેઝ ગોળીનો ઉપયોગ :**
- કોઇપણ પ્રકારના જીવાણું કે વાઈરસથી થતા ગંભીર ચેપી રોગમાં આવતા તાવની સારવાર માટે ( વલો, લમ્પી સ્કીન ડીસીઝ, ખરવા-મોવાસા વગેરે )
- કોઇપણ પ્રકારના દુખાવા કે સોજાની સારવાર માટે ( આંચળનો સોજો, સાંધાનો દુખાવો, ઈજા, ફ્રેકચર વગેરે )
- ઓપરેશન કર્યા બાદના સોજા અને તાવની સારવાર માટે

**ઉપયોગ કરવાની રીત : ૨-૨ ગોળી સવાર સાંજ બે થી ત્રણ દિવસ સુધી ખવરાવવી.**

**સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

**આભાર સહ...**

આપનો વિશ્વાસુ,
Sd/
(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર,
સાબરડેરી, હિંમતનગર.

નકલ રવાના:
૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ
૨. તમામ વિભાગીય વડાઓ તરફ
3. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ